ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૭૪ ટકા

# ‘ક્રેઝી’ ખેલૈયાઓનો નવરાત્રી ગરબા વગર જવા નહીં દેવાનો નિર્ધાર...!!

## કોઈકે ઈ-નૌરતાનું આયોજન કર્યું તો કોઈકે પરિવારજનો સાથે મળીને ઘરમાં ગરબા રમવાનું ગોઠવ્યું
## કેટલાંક ખેલૈયા ગૃપે ટેરેસ પર ગૃપ પુરતા મર્યાદિત રહે તે રીતે ખાનગી ગરબાના આયોજન કર્યા છે

ગાંધીનગર, તા.૧૪

નવરાત્રી ઢૂકડે આવી પહોંચી છે પરંતુ આ વર્ષે ઢોલ ઢબૂકવાના નથી. ગાંધીનગરમાં ગરબા પ્રેમી ખેલૈયાઓએ તો સ્વીકારી જ લીધું છે કે આ વર્ષે નવરાત્રીમાં મન મૂકીને ઘરબે ઘુમવા મળવાનું નથી. જો કે શહેરમાં એવા અઢળક યુવા ખેલૈયાઓના ગૃપ છે જેમના માટે નવરાત્રી એ માત્ર નવ દિવસનો ગરબા રમવાનો તહેવાર નહોતો પરંતુ તેમના માટે તેઓ ત્રણથી ચાર મહિના લગલગાટ ગરબા પ્રેકટીસ સહિતની અથાગ તૈયારી સાથે શરીરમાં જાણે શકિતનો સંચાર થયો હોય તેમ ઢોલના તાલે અવનવા સ્ટેપ્સમાં તન્મય થઈને રમઝટ જમાવવી તે એક પ્રકારની આરાધના જ છે. આવા ખેલૈયાઓ હજુ પણ માત્ર કોરોનાની બીકે મહામૂલી નવરાત્રીને બેકાર જવા દેવા માગતા નથી, તેથી તેમણે પોતપોતાની રીતે નવરાત્રીમાં ગરબા રમવાના અંગત આયોજન કર્યા છે જેમાં કોઈકે ઝૂમ જેવી એપ થકી ઓનલાઈન ગરબા તો કોઈએ એફબી લાઈવ થકી ઈ-ગરબા જયારે કોઈકે પોતાના ઘરની સાઉન્ડ સીસ્ટમના સહારે પરિવાર સાથે ગરબા રમવાનું આયોજન કરી રાખ્યું છે.

ગરબા વગરની નવરાત્રીની જેઓ કલ્પના સુધ્ધાં કરી શકતા નથી તેવા એક ખેલૈયાઓના ગૃપે જણાવ્યું હતું કે તેમણે આ વર્ષે પણ કોઈ પણ રીતે ગરબા કરવા તેવો નિર્ધાર કર્યો છે. નામ નહીં આપવાની શરતે આ ગૃપના સભ્યોએ જણાવ્યું હતું કે અમે ૧૮ ખેલૈયાઓનું ગૃપ છીએ જેઓ દર વર્ષે એક સાથે શહેરના એક મોટા ગરબા આયોજનમાં ગરબા રમવા જઈએ છીએ અને અઢળક ઈનામો પણ જીતી લાવીએ છએ, આ માટે અમે ચારેક મહિના પહેલાથી તૈયારી શરૂ કરી દઈએ છીએ જેમાં ગરબાના નવા સ્ટેપ્સ શીખવાના, તેની પ્રેકટીસ કરવાની, ડ્રેસીંગ માટે ઝીણામાં ઝીણી બાબતોનું ધ્યાન રાખી તેને તૈયાર કરાવડાવવાથી માંડીને છેલ્લા એક મહિના દરમિયાન ડાયેટ પ્લાન સાથે એનર્જી જળવાઈ રહે તે માટેના માઈક્રો પ્લાનીંગ કરીએ છીએ અને આખી નવરાત્રી દરમિયાન એકબીજાના પરફોર્મન્સને પણ સુધારવા એટલી જ તકેદારી રાખીએ છીએ. આ વર્ષે કોરોના હોવાને કારણે અમે અગાઉથી જ ગૃપના સભ્યોએ તેની તમામ ગાઈડલાઈનનું પાલન કરતા રહી એક પણ સભ્ય સંક્રમિત ના થાય તેનું ધ્યાન રાખ્યું હતું જેથી સરકાર કોઈ પણ શરતે ગરબાની છૂટ આપે તો તે અનુસાર અમે ગરબે ઘુમી શકીએ. જો કે સરકારે ગરબાની છૂટ આપી નહી તેથી અમે થોડા નિરાશ જરૂર થયા છીએ પરંતુ અમે નિર્ધાર કર્યો છે કે અમારી નવરાત્રી ગરબા વગર તો નહીં જ પસાર થાય તેથી અમે એક મિત્રના ઘરના ટેરેસ પર માત્ર ઘરની હોમ થીએટરની સાઉન્ડ સીસ્ટમના સહારે માત્ર અમારા ગૃપના સભ્યો સાથે જ ગરબા રમવાનું આયોજન કર્યું છે અને તે માટે નવરાત્રીના બે દિવસ અગાઉ દરેકના કોવિડ-૧૯ ટેસ્ટ પણ ફરજિયાત કરાવી લેવાનું નક્કી કર્યું છે. અમારા ખાનગી ગરબામાં અમે અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપીશું નહી અને સાથે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેનું ધ્યાન રાખી સેનેટાઈઝર-માસ્ક વગેરેનો પણ ઉપયોગ કરીશું.

શહેરમાં આવા તો અસંખ્ય ખેલૈયા ગૃપ છે જેમણે પોતપોતાની રીતે નવરાત્રીના ગરબા કરવાના આયોજન કર્યા છે જેમાં કેટલાકે ઝૂમ એપ દ્વારા, ખેલૈયાઓએ પોતપોતાના ઘરમાં કે એફબી લાઈવ દ્વારા ઈ-ગરબા કરવાનું આયોજન કર્યું છે તો કેટલાંક પરિવારોએ પણ પોતાના નજીકના પરિવારજનોએ સાથે મળીને કોઈ એક ચોકકસ સભ્યના ઘરે ગરબા કરવાનું તેમજ નાસ્તા પાણીની જયાફત માણવાનું પણ આયોજન કર્યું છે.



ભારતીય ટપાલ વિભાગ દ્વારા દર વર્ષે ૯ ઓકટોબરથી ૧૫ ઓકટોબર વચ્ચેના સપ્તાહને પોસ્ટલ વર્ક તરીકે ઉજવવામાં આવે છે. કોરોના કાળમાં પોસ્ટલ વિભાગની સેવાઓને બિરદાવીએ એટલી ઓછી છે. લોકડાઉનમાં તમામ લોકો ઘરમાં પુરાઈ રહ્યા હતા ત્યારે પોસ્ટલ વિભાગના કર્મચારીઓએ ઘરે ઘરે જઈ દવાના પાર્સલ અને અન્ય ચીજવસ્તુઓ પહોંચાડી હતી. જરૂરીયાતના સમયે પોસ્ટ વિભાગે કરેલી આ કામગીરીને પોસ્ટલ વર્ક સપ્તાહ દરમિયાન બિરદાવવામાં આવી રહી છે.

### આ વર્ષે સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ગરબા હરિફાઈ નહીં યોજાય

ગાંધીનગર, તા.૧૪

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા દ્વારા જણાવાયું છે કે, સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈન અનુસાર પ્રવર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૦માં ઓકટોબર માસમાં આવનાર નવરાત્રીમાં ગરબા હરીફાઈ નહીં યોજાય.

### સે-૪માં થતી જાહેર નવરાત્રી આ વર્ષે મોકૂફ

ગાંધીનગર, તા.૧૪

વસાહત મંડળ સેકટર-૪ના પ્રમુખ તેજાભાઈ દેસાઈ તથા મહામંત્રી વિષ્ણુભાઈ સાધુ દ્વારા જણાવાયું છે કે કોરોનાની મહામારીને કારણે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન મુજબ સે-૪ની નવરાત્રી મોકૂફ રાખવામાં આવી છે.

# કોવીડમાં ફરજ બજાવતા કર્મચારીઓ ઘરે કવોરન્ટાઈન થશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ હવે ઘરે કવોરન્ટાઈન થશે. કોવીડના વિવિધ વોર્ડમાં કર્મચારીઓ ૭ દિવસ ફરજ બજાવે છે અને ૩ દિવસ કવોરન્ટાઈનમાં હોસ્પિટલ ખાતે રહે છે. પરંતુ તંત્ર દ્વારા કોવીડ હોસ્પિટલના પ્રથમ માળ કે જેમાં કવોરન્ટાઈન કર્મચારીઓ રહેતા હતા તે તમામ વોર્ડને ખાલી કરી દેવાનો આદેશ થયો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ગાંધીનગર ઉપરાંત અન્ય જિલ્લાના દર્દીઓ પણ કોરોનાની સારવાર હેઠળ છે. છેલ્લા ૬ માસથી વધુના સમયથી ડોકટર થી લઈ વર્ગ-૪ ના કર્મચારીઓ સતત રાત-દિવસ જોયા વિના કામગીરી કરી રહ્યા છે. સતત કોરનાગ્રસ્ત દર્દીઓની સારવારમાં રહેવાને પગલે ૨૫ થી વધુ કર્મચારીઓને પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો. ત્યારે કોવીડમાં ફરજ બજાવતા કર્મચારીઓને ૭ દિવસ નોકરી કરવાની હોય છે અને ૩ દિવસ કવોરન્ટાઈનમાં રહેવુ પડે છે. જયારે ડોકટર્સ માટે નીચે સ્પેશ્યલ વોર્ડમાં કવોરન્ટાઈનની અલાયદી વ્યવસ્થા છે. જયારે અન્ય સ્ટાફના કર્મચારીઓ માટે કોવીડ હોસ્પિટલના પ્રથમ માળે કવોરન્ટાઈન તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાં કોવીડમાં ફરજ બજાવીને કર્મચારીઓ નીચે કવોરન્ટાઈન થતા હતા.પરંતુ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સિવિલના સત્તાધિશો દ્વારા કોવીડ હોસ્પિટલના પ્રથમ માળને ખાલી કરવાનો આદેશ મળી ગયો છે. જયારે કર્મચારીઓ હવે ૭ દિવસ સુધી કોવીડ વોર્ડમાં ફરજ બજાવ્યા બાદ ૩ દિવસ ઘરે કવોરન્ટાઈન થશે કે તંત્ર દ્વારા અન્ય કોઈ જગ્યાએ અલાયદી વ્યવસ્થા ઉભી કરવાના મુડમાં છે તે કહેવુ મુશ્કેલ છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા પોસ્ટ કચેરીના પ્રશ્નોનો અંત લાવવા તંત્રને રજૂઆત

ગાંધીનગર, તા.૧૪

શહેરના સક્રિય એવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળનો શહેરના પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં મોટો ફાળો કહી શકાય. સંસ્થા દ્વારા શહેરના હિત માટે લેવાતા પગલા સંદર્ભે છેલ્લા કેટલાક વખતથી નગરની પોસ્ટકચેરીઓના સર્વર ડાઉન તથા સ્પીડ ઘટવાની સમસ્યા તથા સિનિયર સિટીઝન્સને પડતી હાડમારી અંગે સંસ્થા વતી ઈમેલ દ્વારા ડાક અધિક્ષક સિસોદીયા સાહેબ તથા ડાક અધિકારી હીરલબેને રજૂઆત કરવામાં આવી હતી. જેની અધિકારીઓ દ્વારા નોંધ લેવાઈ અને ઉચ્ચકક્ષાએ આ પ્રશ્ન હાથ ધરાતા ગાંધીનગરમાં થતી આ સમસ્યા દૂર થઈ હતી. આ ઉપરાંત સંસ્થાના અરૂણભાઈ બુચ અને મયુરભાઈ વ્યાસ દ્વારા સમગ્ર સે-૨૬ કિસાનગનર અને ૨૫ જીઆઈડીસી વિસ્તારની પોસ્ટકચેરી પર ધ્યાન આપવા સાથે જીઆઈડીસીને અલગ પોસ્ટ કચેરી મળે તે અંગે રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત તહેવારોમાં ખાસ નવા વર્ષે પોસ્ટમાં આવતા ગ્રીટીંગ કાર્ડસ માટે અલગ વ્યવસ્થા કરાય તેવી મહામંડળ વતી અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, સુધીર દેસાઈ, પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવે દ્વારા રજુઆત કરવામાં આવી છે.

## વસાહત મંડળ સે-૭-એ દ્વારા નવરાત્રીની ઉજવણી નહીં થાય

ગાંધીનગર, તા.૧૪

વસાહત મંડળ સે-૭-એના પ્રમુખ શિવાભાઈ પટેલ દ્વારા જણાવાયું છે કે, કોરોનાની મહામારીનો ધ્યાનમાં લઈને સુખાકારી અને સલામતીનો ધ્યાનમાં લેતા સે-૭-એ વસાહત મંડળની કારોબારીએ સર્વાનુમતે ચાલુ વર્ષે નવરાત્રીની ઉજવણી નહી કરવાનો નિર્ણય લીધો છે તથા માતાજીમાં શ્રધ્ધા ધરાવતા ભાઈ-બહેનોને સ્વ ગૃહે પૂજા અર્ચના આરતી કરવા પણ સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા પ્રથમ નોરતે ઓનલાઈન હાઉસીનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં સૌથી પહેલી ઓનલાઈન હાઉસી મા દુર્ગાના આર્શીવાદ રૂપી પ્રથમ નોરતામાં લાયન્સ ફેમિના ના પ્રેસીડન્ટ મમતાબેન રાવલ અને તેમની ટીમ રમાડી રહી છે. જેમાં ૨૫૦૦૦/- ના બમ્પર ઈનામો રાખવામાં આવ્યા છે. મમતાબેન ના જણાવ્યા મુજબ આ હાઉસી એ લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના નો ફંડ રેઈઝીંગ કાર્યક્રમ છે. નવી કલબનું પ્રથમ વર્ષ છે. નાની – મોટી અઢળક સેવા પ્રવૃત્તિ કલબ કરતી હોય છે, આ ઓનલાઈ હાઉસી દ્વારા જેટલું ફંડ મળશે તે દરેક ફંડ સમાજ સેવા અર્થે જ વપરાશે. સમાજના વંચિતો, જરૂરતમંદો અને કોરોના વોરિયર્સ સુધી તન-મન-ધન થી પહોંચવાના આ યજ્ઞમાં આપ સૌ પણ હાઉસીમાં ભાગ લઈ આહુતિ આપો.

સમાજ સેવામાં પરોક્ષ રીતે દાન આપી ભાગીદાર થવા તથા ખૂબ જ આનંદ સાથે મોટા ઈનામોના વિજેતા બનવા માટે ભાગ લેવા પ્રમુખ મમતાબેન રાવલ મો.૯૮૭૯૫ ૨૮૭૨૨ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# પરિણિતાને દહેજ માટે ત્રાસ આપી બીજા લગ્ન કરી લેનાર પતિ સહિત સાસરીયા સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૧૪

પત્નીના જાણ બહાર બીજા લગ્ન કરી લેનાર પતિ, સાસુ-સસરા, નણંદ અને બીજા લગ્ન કરનાર યુવતિ સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. જેમાં પ્રથમ લગ્ન કરનાર વડોદરાની યુવતિનો લગ્નના પ્રારંભિક તબક્કાના સમયમાં સારુ રાખ્યા બાદ હેરાનગતિ શરુ થઈ હતી. તે દરમિયાન પતિએ સેકટર-૨૪ની યુવતિ સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. જેને પગલે બીજા લગ્નની જાણ થતા વડોદરાની યુવતિએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વડોદરા જિલ્લાના અજબપુરા ગામના રીન્કુબા ઉર્ફે રક્ષિતાકુંવરબા પરમારના લગ્ન વાવોલ લાભ રેસીડેન્સી ખાતે રહેતા કૃણાલસિંહ ગોહિલ સાથે તા.૨૯-૪-૧૮ ના રોજ થયા હતા. લગ્ન બાદ રીન્કુબા વાવોલ પતિ સાથે રહેવા માટે આવી ગયા હતા. સંયુકત પરિવારમાં સસરા ઘનશ્યામસિંહ, સાસુ રેખાબા, અને નણંદ અપેક્ષા બા પણ સાથે રહેતા હતા. લગ્ન બાદના દિવસોમાં પતિ અને સાસરીપક્ષના સભ્યો યોગ્ય સારસંભાળ રાખતા હતા. પરંતુ છ માસ બાદ પતિ અવારનવાર રાત્રીના સમયે દારૂ પીને ઘરે આવતા હતા. જયારે ઘરના અન્ય સભ્યો ઘરકામની બાબતે મેણાટોણા મારતા હતા. લગ્નના એક વર્ષ પછી રિન્કુબાની તબિયત બગડતા તેમને પિયર સારવાર માટે મોકલી આપ્યા હતા. પિયરમાં ગયા પછી પતિ કૃણાલસિંહે સોનાની લકી લઈને આવવા માટે ફોન કર્યો હતો. ત્યારબાદ થોડા સમય પછી પતિ વડોદરા જઈને પત્નીને તેડી ગયા હતા અને ત્યારપછી કરીયાવર અંગે અવારનવાર ત્રાસ આપી હેરાનગતિ કરતા હતા. તા.૮-૬-૨૦ ના રોજ મોડી રાત સુધી પતિ ઘરે ન આવતા અને મોબાઈલ ફોન પણ બંધ આવતા પત્ની ચિંતિત બની હતી. જેથી રીન્કુબા એ પોલીસને જાણ કરવા માટે જણાવ્યું હતું. જેથી સાસુ-સસરાએ ના પાડી દીધી હતી. જયારે બીજા દિવસો પોસ્ટ ઓફિસે નોકરી પર ગયેલા સસરાએ રીન્કુબા ને વોટસએપ મેસેજ કર્યો હતો. આ મેસેજ રીન્કુબા એ જોતા કૃણાલસિંહ રિન્કલબા ઝાલા સાથે કરેલા કોર્ટ મેરેજનું સર્ટીફિકેટ હતું. આ લગ્ન તા.૨૧-૯-૧૯ ના રોજ થયા હતા.જયારે રિન્કુબાએ સેકટર-૭ પોલીસ મથકે પતિના બીજા લગ્ન અંગે પોલીસ માં અરજી કરવાની વાત કરતા સાસુ એ દવા પીને મરી જવાની ધમકી આપી હતી. ત્યારબાદ પોતાના પિતા અને પરિવારના સભ્યોને સમગ્ર બનાવ અંગે રીન્કુબાએ જાણ કરી હતી. ત્યારબાદ સમગ્ર મુદ્દે રીન્કુબા સેકટર-૭ પોલીસ મથકે પતિ, સાસુ-સસરા, નણંદ અને બીજા લગ્ન કરનારી યુવતિ સામે પણ ફરીયાદ કરી છે.



ચોમાસા બાદ સ્વચ્છ થયેલા આકાશમાં અદભૂત ખગોળીય ઘટના હાલમાં આકાર લઈ રહી છે. આપણા સૂર્ય મંડળમાં પૃથ્વીનો નજીકનો પડોશી ગ્રહ મંગળ હાલમાં આકાશમાં જોવા મળી રહ્યો છે. ખૂબ જ સ્વચ્છ આકાશમાં પ્રકાશી રહેલા મંગળ ગ્રહને નરી આંખે નિહાળવાનો આ ઉત્તમ સમય છે. ખગોળશાસ્ત્રમાં રસ ધરાવતા સૌ કોઈ આ અદભૂત ઘટનાના સાક્ષી બની રહ્યા છે.

# આજથી શહેરના થિએટર્સ નહીં ખુલે

ગાંધીનગર, તા.૧૪

કોરોનાની મહામારીના કપરા સંજોગોમાં સરકારે વેપાર ઉદ્યોગોને વેગ આપવા તબક્કાવાર છૂટછાટ આપી છે. અનલોક-૫ના પ્રારંભે પણ નવી ગાઈડલાઈન મુજબ વિશેષ છૂટછાટ આપવાનો નિર્ણય સરકારે કર્યો છે. કોરોના કાળ દરમિયાન છેલ્લા આઠ મહિનાથી સાંસ્કૃતિક કાર્યક્રમો, પાર્ક અને થિએટર્સને તાળા વાગેલા છે ત્યારે ૧૫ ઓકટોબરથી શહેરના થિએટર્સ શરૂ થશે તેવા સંકેતો પણ મળ્યા હતા. અલબત્ત સિનેમાગૃહ શરૂ કરવા જરૂરી પૂર્વ તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. પરંતુ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે હાલના સંજોગોમાં શહેરના કોઈ પણ થિએટર કે મલ્ટીપ્લેકસ શરૂ નહી કરવા પણ મન બનાવી લેવાયું છે. થિએટર્સને પુનઃ ધમધમતા કરવા સરકારની ગાઈડલાઈનનું કડક પાલન કરવું આવશ્યક છે ત્યારે આ મામલે મલ્ટીપ્લેકસના સ્ટાફને પણ જરૂરી નિયમોના પાલન માટે સુસજ્જ થવું પડશે. જેથી અનલોક-૫ના પ્રારંભે થિએટર શરૂ કરવાના મામલે અપાયેલી છૂટછાટ મુજબ આનુસંગિક વ્યવસ્થા કરવામાં હજુ થોડો સમય લાગે તેમ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે.

# ‘કરૂણા’ ટીમે દર્દથી કણસતા ઊંટનું સ્થળ પર જ સફળ ઓપરેશન પાડયુ

## સે-૨૯માં અકસ્માતથી ઈજાગ્રસ્ત ઊંટનો એક પગ કાઢવા દોઢ કલાકની જહેમતે ઊંટને રાહત અપાવી



ગાંધીનગર, તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા અબોલ પ્રાણીઓ-પક્ષીઓ વગેરેને આકસ્મિક સમયે સારવારની સેવા પુરી પાડતી ૧૯૬૨ કરૂણા હેલ્પલાઈન ચલાવાઈ રહી છે. જેમ કોઈ માનવીને અકસ્માત કે કોઈ આકસ્મિક સંજોગોમાં અથવા બિમારીમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા ઉપલબ્ધ છે તેજ રીતે ૧૯૬૨ કરૂણા હેલ્પલાઈન ત્વરિત સેવા પુરી પાડે છે અને તેમાં પણ સેવાભાવી તબીબ અબોલ પ્રાણીઓની સેવા સુશ્રુષા કરવામાં સ્હેજ પણ કસર છોડતાં નથી તેનું ઉદાહરણ તાજેતરમાં સેકટર-૨૯માં સર્જાયેલી એક ઘટનામાં જોવા મળ્યું. જેમાં અકસ્માતે ઘાયલ એક ઊંટના એક પગનું ઓપરેશન કરી તેનો પગ કાપવો પડયો હતો.

ઘટનાની વિગત એવી છે કે તા. ૧૩મી ઓકટોબર સોમવારે કરૂણા હેલ્પલાઈનના ૧૯૬૨ નંબર પર એક કોલ મળ્યો જેમાં સેકટર-૨૯ સરકારી સ્કૂલ પાસે એક ઊંટનો અકસ્માત થવાથી પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી અને લોહી નીંગળતી હાલતમા ઊંટ દર્દથી પીડાઈ રહ્યું હતું. આ કૉલ મળતા જ ૧૯૬૨ની ટીમ જેમાં ડોકટર કેતન દેસાઈ તથા પાયલોટ નવલસિંહ તુરંત જ સ્થળ પર ધસી ગયા હતા અને ઊંટને પહેલી નજરે જોતાં જ તેમને ખબર પડી ગઈ કે તેના પગે ફ્રેકચર છે અને તેનું ઓપરેશન કરવું પડશે. એક તો ઊંટ જેવું કદાવર પ્રાણી જેના માટે કહેવત છે કે ‘ઊંટની લાત મુલાયમ હોય છે, પરંતુ જીવલેણ પણ હોય છે’ અને તે પણ દર્દથી પીડાઈ રહ્યું હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોઈને પોતાની નજીક ફરકવા દે નહીં. ભારે જહેમત બાદ ૧૯૬૨ની ટીમે ઊંટને કાબૂમાં લઈ તેને ઝાડ સાથે બાંધી સ્થળ પર જ તેનું ઓપરેશન હાથ ધર્યું હતું. ઓપરેશનની શરૂઆતમાં જ ખબર પડી ગઈ હતી કે તેના પગનું ફ્રેકચર એટલું ગંભીર છે કે જેના કારણે તેનો પગ કાપવો પડશે અને તોજ ઊંટનો જીવ બચી શકે તેમ હતું. અંતે દોઢેક કલાકના જહેમતભર્યા ઓપરેશન બાદ કરૂણાની ટીમે ઊંટનો પગ કાપી સફળ ઓપરેશન પાર પાડયું હતું. જેના પગલે ઊંટ થોડાક સમયમાં જ પોતાના ત્રણ પગ પર ઉભું થઈ શકયું હતું અને તેના ચહેરા પર રાહત સ્પષ્ટ છલકાતી જોવા મળી હતી. આ ઓપરેશનને નિહાળનાર સ્થળ પર ઉપસ્થિત નાગરિકોએ કરૂણા ટીમની મહેનત અને સેવાપૂર્ણ અભિગમને બિરદાવ્યો હતો.



### ચિરવિદાય

- સ્વ. દયારામ હરખુપાલ, ઉ.વ. ૫૮, છત્રાલ, તા.કડી
- સ્વ. પટેલ લીલાબેન રમેશભાઈ, ઉ.વ. ૫૬, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ બળદેવભાઈ શનાભાઈ, ઉ.વ. ૬૯, વાસણારાઠોડ, તા. દહેગામ
- સ્વ. પરમાર નરેન્દ્રકુમાર શિવાભાઈ, ઉ.વ. ૫૦, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. ગણપતલાલ બાબુલાલ વણઝારા, ઉ.વ. ૫૭, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. સોનાર ચંદ્રકાન્ત વિઠ્ઠલરાવ, ઉ.વ. ૭૪, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. સોની મહેશભાઈ બબાભાઈ, ઉ.વ. ૫૮, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. જશુભાઈ કાન્તિભાઈ રાવળ, ઉ.વ. ૫૫, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. શિવુસિંહ કોયસિંહ રાઠોડ, ઉ.વ. ૬૪, રતનપુર, તા. પાલનપુર, બ.કાં.
- સ્વ. રાજેન્દ્રભાઈ સુંદરલાલ ગાંધી, ઉ.વ. ૬૯, જીઈબી કોલોની, ગાંધીનગર